## ૧૫ એકરમાં ચાલતા દાંડી મેમોરીયલ પ્રોજેકટ માટે

# દાંડીમાં ગાંધીજીની ૩ ટન વજનવાળી ૧૫ ફૂટ ઉંચી બ્રોન્ઝ ધાતુની પ્રતિમા

નવસારી, બુધવાર

નવસારીનાં ઐતિહાસિક દાંડી ખાતે ભારત સરકારે વર્ષ ૨૦૦૫માં રૂ. ૩૫ કરોડના ખર્ચે, ૧૫ એકર જમીનમાં દાંડી મેમોરીયલ પ્રોજેકટ બનાવાની જાહેરાત કરિી હતી. જેમાં આજરોજ પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫ ફૂટ ઉંચી, ૩ ટન વજનવાળી બ્રોન્ઝ ધાતુમાં બનાવામાં આવેલી ભવ્ય પ્રતિમા દાંડી ખાતે આવતાં ગ્રામજનોમાં ઉત્સાહ ફેલાયો છે. જો કે, પ્રોજેકટનું કામ હજી પણ અત્યંત ધીમી ગતિથી ચાલી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ દાંડીકૂચની ૭૫મી જયંતિ પ્રસંગે વર્ષ - ૨૦૦૫માં તત્કાલિન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે દેશ અને દુનિયાને માર્ગદર્શક ઠરેલા પૂ. ગાંધીજીની સ્મૃતિને ભવ્ય અને દિવ્ય બનાવવા દાંડી ખાતે ''દાંડી મેમોરીયલ પ્રોજેકટ'' બનાવાની જાહેરાત કરી હતી. તે સમયે અંદાજીત રૂ. ૩૫ કરોડનાં ખર્ચે ૧૫ એકર જમીનમાં દાંડીકૂચ અને નમક સત્યાગ્રહના વિવિધ પ્રસંગો આ ઐતિહાસિક સ્થળે જીવંત કરવાનું કામ ઠરાવવામાં આવ્યું હતું. જેના માટે ગુજરાત ટુરીઝમે ૧૫ એકર જમીન ફાળવી હતી. દરિયા કિનારે આ પ્રોજેકટ હોવાથી સી.આર.ઝેડ.નાં નિયમો પાળી ઐતિહાસિક સ્થળની ગરિમા જળવાય તેવી રીતે કાર્ય કરવા માટે કેન્દ્ર અને રાજયની ત્રણ એજન્સીઓને જોડવામાં આવી હતી. જેના કારણે આ પ્રોજેકટ ખાસ્સો લંબાઈ જવા પામ્યો છે.

આ સમગ્ર પ્રોજેકટની ડિઝાઇન સંકલન અને અમલીકરણની જવાબદારી મુંબઈની ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (આઈ.આઈ.ટી.)ને સોંપવામાં આવી હતી. તેમણે આ પ્રોજેકટ માટે આંતરરાષ્ટ્રીય ડિઝાઈનરોની મદદ લીધી છે. જેમાં ૩૫ મીટરનું સ્મારક બનાવામાં આવશે.



પ્રકાશનાં પિરામીડ ઉપર દીવાદાંડી બનાવામાં આવશે. જેની વચ્ચે પૂ. ગાંધીજીની ૧૫ ફૂટ ઉંચી ૩ ટન વજનની બ્રોન્ઝ ધાતુમાંથી રૂ. ૫૦ લાખના ખર્ચે બનેલી વિશિષ્ટ મૂર્તિ મુકવામાં આવશે. આ મૂર્તિની ખાસિયત તેના ચહેરા ઉપર આત્મસન્માન દ્રઢનિશ્ચયના ભાવ (જે બ્રીટીશ સામ્રાજયની સામે જુસ્સો દર્શાવતા હોય) તેવા છે. આ મૂર્તિ મહારાષ્ટ્રનાં ૮૮ વર્ષનાં ગાંધીપ્રેમી શિલ્પકાર સદાશિવ સાઠેએ બનાવી છે અને તેના પર રાત્રિ દરમિયાન સોલર ઉર્જાથી પ્રકાશનો ફેલાવો કરાશે. આમ પ્રકાશનાં પિરામીડ પર દિવાદાંડી અને તેની વચ્ચે ગાંધીજીની મૂર્તિ તેજોમય લાગશે. એવી કલ્પના આઈ.આઈ.ટી. મુંબઈ દ્વારા કરવામાં આવી છે.

સરકારની વિવિધ એજન્સીઓનાં નબળા સંકુલનનાં કારણે ખાસ્સો લંબાઈ ગયેલો આ પ્રોજેકટને પુરા કરવામાં નિયત ખર્ચથી ખૂબ વધારે ખર્ચની સંભાવના વર્તાવાઈ રહી છે. જો કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આ ભવ્ય દિવ્ય સ્મારક દેશ માટે અત્યંત અમૂલ્ય બની રહેશે. એ નિર્વિવાદ છે. હાલમાં આ ગાંધીજીની મૂર્તિને દાંડીના વિનય મંદિર ખાતે મુકવામાં આવી છે. જેના પગલે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

## આંતરરાષ્ટ્રીય ડિઝાઈનરોની મદદથી બનતા પ્રોજેકટમાં ૩૫ મીટરનું સ્મારક અને અને પ્રકાશના પિરામીડ પર દીવાદાંડી બનશે